## કોચ સાહેબ, સ્મિત તમારા પર સારું લાગે છે : ધોનીએ ઈન્સ્ટા પોસ્ટમાં ગંભીરને કહ્યું

**2024** પછીની પોતાની પહેલી પોસ્ટમાં ધોનીએ ભારતીય ટીમની પ્રસંશા કરી

**ગંભીરે** પણ જવાબમાં લખ્યું, માજી કેપ્ટનને સ્ટેડિયમમાં જોઇને આનંદ થયો



અમદાવાદ, તા. 09 (પીટીઆઈ) : ભારતની ઈતિહાસ રચનારી ટી-20 વર્લ્ડકપની જીતે હેન્દ્ર સિંહ ધોનીને લગભગ બે વર્ષ પછી સોશિયલ મીડિયા પર ફરી સક્રિય કર્યો અને તેણે મુખ્ય કોચ ગૌતમ ગંભીરને એ કહેવાની તક ઝડપી લીધી કે તેના ગંભીર ચહેરા પર સ્મિત કેટલું સારું લાગે છે. ધોનીની છેલ્લી ઈન્સ્ટાગ્રામ પોસ્ટ 2024માં હતી.

તેણે ફાઈનલમાં હાજરી આપ્યા પછી પોસ્ટ કર્યું કે અમદાવાદમાં ઈતિહાસ રચાયો છે, ટીમ અને સપોર્ટ સ્ટાફને અને વિશ્વભરના ભારતીય ક્રિકેટ ટીમના તમામ ચાહકોને ખૂબ ખૂબ અભિનંદન. તમારા બધાને રમતા જોતા ખૂબ જ આનંદ થયો. તેણે ગંભીરના મોટાભાગના ગંભીર વર્તનનો ઉલ્લેખ કરતા મજાક કરી કે કોચ સાહેબ સ્મિત તમારા પર ખૂબ સરસ લાગે છે, સ્મિત સાથેની ગંભીરતાએ કિલર કોમ્બો છે, ખૂબ જ સરસ કામ કર્યું. એન્જોય કરો મિત્રો... બુમરાહ વિશે હું કંઈ ન લખું તો જ સારું છે. ચેમ્પિયન બોલર. ગંભીરએ ધોનીને જવાબ આપતા કહ્યું કે સ્મિત કરવાનું કેવું અદભૂત કારણ છે, સ્ટેડિયમમાં માજી કેપ્ટનને જોઈને તેને સારું લાગ્યું.

## ટી-20 વર્લ્ડકપ ટ્રોફી હનુમાનજી મંદિરે લઈ જવાતા કિર્તી આઝાદ નારાજ

**આ ટ્રોફી** કોઇ એક ધર્મનો વિજય નથી, તે ભારતની ટીમ છે, સૂર્યા કે જય શાહના પરિવારની નહીં : કિર્તી આઝાદ

અમદાવાદ, તા. 09 : ટી-20 વર્લ્ડકપમાં ચેમ્પિયન બન્યા પછી કેપ્ટન સૂર્યકુમાર યાદવ, કોચ ગૌતમ ગંભીર અને ICC ચેરમેન જય શાહ ટ્રોફી લઈને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નજીક આવેલા હનુમાન ટેકરી મંદિરમાં આશીર્વાદ લેવા માટે પહોંચ્યા હતા. આ પહેલી વાર વર્લ્ડકપ ટ્રોફીને મંદિરમાં લઈ જવામાં આવી હતી.

ટ્રોફી મંદિરમાં લઇ જવાતા ટીએમસીના સાંસદ કિર્તી આઝારે નારાજગી દર્શાવીને પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં સૂર્યકુમાર યાદવ અને જય શાહ પર નિશાન સાધ્યું હતું. તેમણે લખ્યું કે ટીમ ઈન્ડિયા, શરમ આવવી જોઈએ! જ્યારે અમે 1983માં કપિલ દેવની કેપ્ટનશીપમાં વર્લ્ડકપ જીત્યો હતો, ત્યારે અમારી ટીમમાં હિન્દુઓ, મુસ્લિમો, શીખો અને ખ્રિસ્તીઓનો સમાવેશ થતો હતો. અમે ટ્રોફીને અમારા ધાર્મિક વતન, અમારી માતૃભૂમિ, ભારતમાં લાવ્યા હતા. તેમણે વધુમાં લખ્યું હતું કે આ ટીમ ભારતનું પ્રતિનિધિત્વ કરે છે, સૂર્યકુમાર યાદવ કે જય શાહના પરિવારનું નહીં. સિરાજ ક્યારેય ટ્રોફી મસ્જિદમાં લઈ ગયો નથી. સંજુ ક્યારેય ચર્ચમાં લઈ ગયો નથી.

## વેસ્ટ ઈન્ડીઝ અને દ. આફ્રિકાની ટીમો આજે ભારતથી રવાના થશે

કોલકાતા, તા. 09 : ઈરાન પર અમેરિકા અને ઇઝરાયલી હુમલા બાદ લાદવામાં આવેલા મુસાફરી પ્રતિબંધોને કારણે ટી-20 વર્લ્ડકપ ઝુંબેશ પૂર્ણ કર્યા પછી અહીં ફસાયેલી વેસ્ટ ઈન્ડીઝ અને દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમો આવતીકાલે મંગળવારે ભારતથી વતન જવા રવાના થશે. એવું જાણવા મળ્યું છે કે ફક્ત વેસ્ટ ઈન્ડિઝના કોચ ડેરેન સેમી જ આજે રાત્રે સિંગાપોર થઈને રવાના થશે જ્યારે બાકીની ટીમ મંગળવારે ખાસ ફ્લાઈટમાં રવાના થશે. દક્ષિણ આફ્રિકાની ટીમ કોલકાતાથી જોહાનિસબર્ગ જવા રવાના થશે.

દક્ષિણ આફ્રિકાના ત્રણ ખેલાડીઓ - કેશવ મહારાજ, જ્યોર્જ લિન્ડે અને જેસન સ્મિથ 15 માર્ચથી શરૂ થનારી પાંચ ટી-20 ઈન્ટરનેશનલ મેચોની દ્વિપક્ષીય સીરિઝ માટે ન્યુઝીલેન્ડ રવાના થઈ ચૂક્યા છે. ઈરાન પરના હુમલા બાદ પશ્ચિમ એશિયામાં એરસ્પેસ બંધ થઈ જવાને કારણે મુસાફરી યોજનાઓમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. વેસ્ટ ઈન્ડિઝની ટીમ 1 માર્ચે સુપર આઠમાં ભારત સામે હાર્યા બાદ કોલકાતામાં છે, જ્યારે દક્ષિણ આફ્રિકાની ટીમ 4 માર્ચે સેમી ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે હાર્યા બાદ ઘરે પરત ફરી શકી નથી.

## ફોન રિપેરથી 2010ના લોર્ડ્સ સ્પોટ-ફિક્સિંગ કાવતરાનો ખુલાસો થયો હતો : રઝાક

**મઝહર** માજીદે રિપેર માટે આપેલા ફોનમાં સ્પોટ ફિક્સિંગના ઘણાં મેસેજો રઝાકના મિત્રને મળ્યા હતા

**એ મેસેજ** અંગે રઝાકે આફ્રિદીને વાત કરી અને તેણે મહંમદ આમિરને સાચુ બોલવા કહી તમાચો માર્યો હતો


કરાચી, તા. 09 (પીટીઆઈ) : પાકિસ્તાનના માજી ઓલરાઉન્ડર અને રાષ્ટ્રીય પસંદગીકાર અબ્દુલ રઝાકે જણાવ્યું હતું કે 2010નું સ્પોટ ફિક્સિંગ કૌભાંડ ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન ટીમ મેનેજમેન્ટના ધ્યાનમાં આવ્યું હતું.

રઝાકે એક પાકિસ્તાની ટેલિવિઝન કાર્યક્રમમાં જણાવ્યું હતું કે 2010ના લોર્ડ્સ ટેસ્ટ મેચ ફિક્સિંગના કાવતરાનો પર્દાફાશ લંડનના મોબાઈલ ફોન રિપેર કરતાં તેના એક મિત્ર દ્વારા કરવામાં આવ્યો હતો. રઝાકે કહ્યું કે મઝહર મજીદે મારા મિત્રને રિપેર માટે આપેલા ફોનમાં મઝહર અને ત્રણેય ખેલાડીઓ વચ્ચે મેચ સ્પોટ-ફિક્સ કરવાની યોજનાની વિગતો આપતા ઘણા સંદેશા તેને મળ્યા. બાદમાં મજીદને પાકિસ્તાનના ટેસ્ટ કેપ્ટન સલમાન બટ અને ફાસ્ટ બોલર મોહમ્મદ આસિફ અને મોહમ્મદ આમિર સાથે ટેસ્ટ મેચ સ્પોટ-ફિક્સ કરવાનું કાવતરું ઘડવા બદલ જેલની સજા ફટકારવામાં આવી હતી. રઝાકના મતે, તેના મિત્રએ તરત જ તેને આ સંદેશાઓ બતાવ્યા, તેણે તે સમયે ટીમના સૌથી અનુભવી ખેલાડી શાહિદ આફ્રિદીને જાણ કરી. રઝાકે કહ્યું કે આફ્રિદીએ તે સમયે 18 વર્ષના આમિરને તેના રૂમમાં બોલાવીને તેને સાચુ બોલવા કહ્યું. જ્યારે તે ના પાડતો રહ્યો, ત્યારે તેણે તને એક જોરદાર થપ્પડ મારી હતી. ત્યારબાદ, આમિર રડવા લાગ્યો અને કાવતરામાં સામેલ હોવાની કબૂલાત કરી. તેણે કહ્યું કે કેટલાક સિનિયર ખેલાડીઓએ ટીમ મેનેજરને સલાહ આપી હતી કે આઈસીસી હસ્તક્ષેપ કરે તે પહેલાં ત્રણેય ખેલાડીઓ પર દંડ ફટકારવામાં આવે અને તેમને શિસ્તભંગના પગલાં તરીકે ઘરે પાછા મોકલવામાં આવે. આઈસીસીએ ત્યારબાદ સલમાન બટ, મોહમ્મદ આસિફ અને મોહમ્મદ આમિર પર પ્રતિબંધ મૂક્યો અને બાદમાં યુકેની કોર્ટે તેમને જેલની સજા ફટકારી.

# બાર્બાડોસથી અમદાવાદ : ક્રિકેટમાં ભારતના વર્ચસ્વની અભૂતપૂર્વ કથા

**બાર્બાડોસમાં** ભારતની વર્ષોની નિષ્ફળતાનું કલંક ભુંસાયું તો અમદાવાદમાં ભારતે એક નવું શાસન સ્થાપિત કરી દીધું

**ભારતનું** હાલનું વર્ચસ્વ 70-80ના દાયકામાં વેસ્ટઇન્ડિઝ અને સહસ્ત્રાબ્દીના પહેલા દાયકામાં ઓસ્ટ્રેલિયા જેવું




નવી દિલ્હી, તા. 09 (પીટીઆઈ) : બાર્બાડોસમાં મળેલી જીતે વર્ષોની નિષ્ફળતાના કલંકને ભૂંસી નાખ્યા, પરંતુ અમદાવાદમાં એક નવું શાસન સ્થાપિત કર્યું. ખરેખર, ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટમાં આ ભારતીય ટીમને હરાવવી મુશ્કેલ જ નહીં, પણ અશક્ય પણ લાગે છે.

ફાઈનલમાં ન્યુઝીલેન્ડને 96 રનથી હરાવીને, ભારતીય ટીમે માત્ર સતત બીજી વખત ચેમ્પિયન બનવાનો રેકોર્ડ જ નહીં બનાવ્યો, પરંતુ ફટાફટ ક્રિકેટમાં ભારતની સર્વોપરિતા પણ પુષ્ટિ કરી હતી. મેદાન પર ભારતનું પ્રદર્શન એટલું શાનદાર હતું કે લોકો સુરક્ષાના કારણોસર બાંગ્લાદેશની ટુર્નામેન્ટમાંથી ખસી જવાની વાત અને પાકિસ્તાનની ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાની ધમકી ભૂલી ગયા. ભારત 2007, 2024 અને 2026 એમ ત્રણ ટી-20 વર્લ્ડકપ જીતનાર અને સતત બે વાર ટાઈટલ જીતનાર પ્રથમ ટીમ બની ગઈ છે. બીસીસીઆઈ પહેલાથી જ ક્રિકેટનું નાણાકીય કેન્દ્ર છે. ભારતીય ક્રિકેટની પ્રતિભાએ શક્તિ અને પ્રતિભાનું એક સંપૂર્ણ મિશ્રણ બનાવ્યું છે. બે દાયકા પહેલા શરૂ થયેલા રમતના આ ફોર્મેટમાં વર્તમાન ભારતીય ટીમ અત્યાર સુધીની શ્રેષ્ઠ ટીમ છે એમ કહેવું અતિશયોક્તિ નહીં હોય. ભારતનું વર્ચસ્વ 70 અને 80ના દાયકામાં વેસ્ટ ઈન્ડિઝ અને સહસ્ત્રાબ્દીના પહેલા દાયકામાં ઓસ્ટ્રેલિયા જેવું જ છે. ક્રિકેટ પંડિતો માને છે કે ભારત પોતાની 'A' ટીમ ઉતારીને પણ વર્લ્ડકપ જીતી શકે છે. ભારતની સફળતા ટીમ મેનેજમેન્ટ દ્વારા લેવામાં આવેલા સાહસિક નિર્ણયો, વિકેટ બચાવવાને બદલે ઝડપી રમવાની વ્યૂહરચના અને મેદાન પર તેના સચોટ અમલીકરણને કારણે છે.

### ન્યૂઝીલેન્ડે દક્ષિણ આફ્રિકા પાસેથી ચોકર્સનું ટેગ છીનવી લીધું

ફાઇનલમાં હારેલી ન્યુઝીલેન્ડે આઇસીસી વ્હાઇટ બોલ ટુર્નામેન્ટના નોકઆઉટમાં ફરી એકવાર સરળતાથી હારનો સામનો કરીને દક્ષિણ આફ્રિકા પાસેથી 'ચોકર્સ'નું ટેગ છીનવી લીધો હોય તેવું લાગે છે. કિવી ટીમ 2015 થી 13 આઇસીસી ટુર્નામેન્ટમાંથી છની ફાઇનલમાં પહોંચી છે પરંતુ માત્ર એક જ 2021 વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જીતી શકી છે.

### ટીમમાં સ્થાન ન મેળવી શકેલા ખેલાડીઓથી ભારતની ક્રિકેટ પ્રતિભાનું ઉંડાણ સમજાય છે

ભારતની જીતની શૈલી અને માર્જિનથી આ ફોર્મેટમાં ટીમની શ્રેષ્ઠતા સાબિત થઈ છે, પરંતુ ટીમમાં સ્થાન મેળવવાની તક ન મેળવી શકેલા ખેલાડીઓ પર એક નજર ભારતીય ક્રિકેટમાં પ્રતિભાની ઊંડાઈ દર્શાવે છે. સંજુ સેમસન, ઇશાન કિશન, જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ, હાર્દિક પંડ્યા અને શિવમ દુબેએ જીતમાં ફાળો આપ્યો. પરંતુ જેમને બહાર રાખવામાં આવ્યા હતા તે યશસ્વી જયસ્વાલ, શ્રેયસ અય્યર અને શુભમન ગિલ જેવા ખેલાડીઓ વિશ્વની કોઈપણ ટીમમાં સ્થાન મેળવવાના લાયક છે. ચૌદ વર્ષનો વૈભવ સૂર્યવંશી એક એવો ખેલાડી છે જેને ભૂલી શકાય નહીં.

### સૂર્યકુમારનું અડાલજ વાવ પર ટી-20 વર્લ્ડકપ ટ્રોફી સાથે ફોટોશૂટ



સોમવારે ભારતીય ટી20 કેપ્ટન સૂર્યકુમાર યાદવ એક ખાસ ફોટોશૂટ માટે આઈસીસી મેન્સ ટી-20 વર્લ્ડકપ ટ્રોફી સાથે અડાલજ વાવ પર પહોંચ્યો ત્યારે ઉત્સવનો માહોલ હતો. ઐતિહાસિક સ્મારક સંકુલ પર ચાહકોની મોટી ભીડ ઉમટી પડી હતી. ઘણા લોકો સૂર્યકુમારની એક ઝલક જોવા માટે આસપાસની દિવાલો અને છત પર પણ ચઢી ગયા હતા. કેપ્ટન ટ્રોફી સાથે પહોંચતા જ ચાહકોના 'ઇન્ડિયા..ઇન્ડિયા'ના નારાથી વાતાવરણ ગૂંજી ઉઠ્યું હતું.

## ક્રિકેટ જગતે ભારતને જીતને લાયક ગણાવી મર્યાદિત ઓવરની શ્રેષ્ઠ ટીમ તરીકે બિરદાવી

**સચિન,** કોહલી, ગાંગુલી, ડેરેન સામી, માઇકલ વોન, વિદિત ગુજરાતી, અભિનવ બિન્દ્રા સહિતનાએ ભારતની જીતને વખાણી

નવી દિલ્હી, તા. 09 (પીટીઆઈ) : બેટિંગ લેજન્ડ સચિન તેંદુલકરે ભારતને ટ્રોફી માટે સંપૂર્ણપણે હકદાર ગણાવ્યું હતું જ્યારે ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન માઈકલ વોને તેને અત્યાર સુધીની શ્રેષ્ઠ મર્યાદિત ઓવરની ટીમ ગણાવી હતી. ક્રિકેટ જગતે ભારતના ઐતિહાસિક ત્રીજા ટી20 વર્લ્ડ કપ ટાઇટલ વિજયની પ્રશંસા કરી હતી. તેંદુલકરે ટીમના પ્રદર્શનની પ્રશંસા કરી અને મુંબઈમાં તેમના ઘરની બહાર ઉજવણીની એક ઝલક શેર કરી હતી. ભારતના 2024ના વિજય બાદ આ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેનારા માજી કેપ્ટન વિરાટ કોહલીએ ટીમના જુસ્સા અને વર્ચસ્વની પ્રશંસા કરી. માજી કેપ્ટન અને બીસીસીઆઈના માજી પ્રમુખ સૌરવ ગાંગુલીએ કહ્યું કે આ જીત દરેક સ્તરે ભારતીય ક્રિકેટની તાકાત દર્શાવે છે. વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ કેપ્ટન અને વર્તમાન મુખ્ય કોચ ડેરેન સેમીએ કહ્યું કે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ભારતને હરાવવું મુશ્કેલ હતું. અન્ય રમતોના હસ્તીમાં ચેસ ગ્રાન્ડમાસ્ટર વિદિત ગુજરાતીએ લખ્યું કે વર્લ્ડકપ ફાઈનલ લગભગ 100 રનથી જીતી! ભારત માટે ખુશી. અભિનવ બિન્દ્રાએ પણ હૃદય અને ભારતીય ધ્વજ ઈમોજી સાથે જીત પર પ્રતિક્રિયા આપી હતી.

## ICCની ટીમ ઓફ ધ ટૂર્નામેન્ટમાં ચાર ભારતીયને સ્થાન

**દક્ષિણ** આફ્રિકા-ઈંગ્લેન્ડના બે-બે તેમજ પાકિસ્તાન, ઝિમ્બાબ્વે, વેસ્ટઇન્ડિઝના એક-એક ખેલાડીનો સમાવેશ

**12માં** ખેલાડી તરીકે અમેરિકાના શાલ્કવીકનો સમાવેશ, ન્યૂઝીલેન્ડના એકેય ખેલાડીને સ્થાન ન મળતા નવાઇ



નવી દિલ્હી, તા. 09 : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી) મેન્સ ટી-20 વર્લ્ડકપ 2026 ટીમ ઓફ ધ ટુર્નામેન્ટમાં વિજેતા ભારતીય ટીમના જસપ્રીત બુમરાહ, સંજુ સેમસન, ઈશાન કિશન અને હાર્દિક પંડ્યા એમ ચાર સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડના બે-બે, તેમજ પાકિસ્તાન, વેસ્ટઈનૂડિઝ અને ઝિમ્બાબ્વેને એક-એક ખેલાડીનો સમાવેશ, 12માં ખેલાડી તરીકે અમેરિકાના શાડલી વાન શાલ્કવીકનો સમાવેશ કરાયો, જો કે રનર્સઅપ થયેલી ન્યૂઝીલેન્ડની ટીમના એકેય ખેલાડીનો સમાવેશ ન થતાં આશ્ચર્ય સર્જાયું છે.

'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' સેમસને પાંચ ઈનિંગ્સમાં 321 રન બનાવ્યા હતા. ટુર્નામેન્ટની શરૂઆતમાં સેમસન ભારતીય પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રહ્યો હતો. પરંતુ વેસ્ટ ઈન્ડીઝ અને ઈંગ્લેન્ડ સામેની ટીમ માટે કરો યા મરો મેચોમાં તેની શાનદાર બેટિંગને કારણે તેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો. ત્યારબાદ પુરુષોના ટી-20 વર્લ્ડકપ ફાઈનલમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોરનો રેકોર્ડ કરીને સેમસને 89 રન બનાવ્યા. કિશન 317 રન સાથે ટુર્નામેન્ટના સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓની યાદીમાં ચોથા સ્થાને રહ્યો. હાર્દિક આ યાદીમાં સામેલ થનાર ત્રીજો અને બુમરાહ ટીમનો ચોથો ભારતીય ખેલાડી છે. પાકિસ્તાનના સાહિબજાદા ફરહાન ટુર્નામેન્ટના સૌથી વધુ રન બનાવનાર ખેલાડી તરીકે આ ટીમમાં સામેલ થયો છે. ટીમના કેપ્ટન જાહેર થયેલા માર્કરમે ત્રણ અડધી સદી સાથે 286 રન બનાવ્યા હતા.

### ICC ટી--20 વર્લ્ડકપ ટીમ ઓફ ધ ટૂર્નામેન્ટ

1. સાહિબજાદા ફરહાન (પાકિસ્તાન)
2. સંજુ સેમસન (વિકેટકીપર) (ભારત)
3. ઈશાન કિશન (ભારત)
4. એડન માર્કરામ (કેપ્ટન) (દ. આફ્રિકા)
5. હાર્દિક પંડ્યા (ભારત)
6. વિલ જેક્સ (ઈંગ્લેન્ડ)
7. જેસન હોલ્ડર (વેસ્ટઇન્ડિઝ)
8. જસપ્રીત બુમરાહ (ભારત)
9. લુંગી એન્ગીડી (દ. આફ્રિકા)
10. આદિલ રશીદ (ઈંગ્લેન્ડ)
11. બ્લેસિંગ મુઝરબાની (ઝિમ્બાબ્વે)

12મો ખેલાડી : શેડલી વાન શાલ્કવીક (અમેરિકા)

## ભારતની જીત આનંદદાયક પણ વર્લ્ડકપની ફાઇનલ ફિક્કી રહી

**રચિન** રવિન્દ્રને ત્રીજા ક્રમે રમાડવાનો આગ્રહ અને કોલ મેકોન્ચીને પડતો મૂકવાનો ન્યૂઝીલેન્ડનો નિર્ણય સમજી શકાય તેવા નહોતા




અંતે તે એક ફિક્કી ફાઈનલ હતી. ન્યૂઝીલેન્ડની ઈનિંગ્સ જ્યારે પાવર પ્લે પછીની પ્રથમ ઓવરમાં હતી, ત્યાં સુધીમાં એ સ્પષ્ટ થઈ ગયું હતું કે જો કીવીઓને રમવા માટે વધુ 10 ઓવર આપવામાં આવે તો પણ તેમની પાસે ભારતીય સ્કોરને વટાવવાની તાકાત નહોતી. તેમના સૌથી વિધ્વંસક બેટ્સમેન, ફિન એલન જીવનદાન મળવા છતાં આઉટ થઈ ગયો અને રચિન રવિન્દ્રને ત્રીજા નંબરે રાખવાનો કીવીઓનો આગ્રહ ફરી એકવાર નિષ્ફળ રહ્યો હતો. જ્યારે ગ્લેન ફિલિપ્સ અક્ષર પટેલ દ્વારા બોલ્ડ થયો, ત્યારે તેની ટીમ માટે થોડી પ્રતિષ્ઠા બચાવવા માટે માત્ર ટિમ સૈફર્ટ જ બાકી રહ્યો હતો. ઈશાન કિશને બાઉન્ડ્રી રોપની તેની નિકટતાનો ચોક્કસ અંદાજ લગાવીને શાનદાર રનિંગ કેચ લીધો અને તેની સાથે ન્યૂઝીલેન્ડની લડત આપવાની જે કંઈપણ આશાઓ હતી, તે સ્ટેડિયમની લાઈટોમાં વિલાઈ ગઈ.

વન-ડે સીરિઝમાં વર્લ્ડકપ પહેલા બે સદી ફટકારી શાનદાર ફોર્મમાં રહેલો ડેરીલ મિચેલને બેટિંગ લાઇન-અપના ધબડકાને સંભાળવા માટે છઠ્ઠા નંબરે રાખવામાં આવ્યો હતો, અહીં એ બાબત સંપૂર્ણપણે એ અવગણાઇ કે તેના જેવા ફોર્મમાં રહેલા ખેલાડીને ઉપરના ક્રમમાં રાખવાથી ધબડકો થવાની શક્યતા ઓછી હતી. જીમી નીશમ પરનો ભરોસો પણ સમજવો મુશ્કેલ હતો, જોકે તેણે ફાઈનલમાં ત્રણ વિકેટ ઝડપી હતી, છતાં તે દરેક ઓવરમાં રન લૂંટાવી રહ્યો હતો. ખાસ કરીને અગાઉની મેચોમાં ઓફ-સ્પિન સામે અભિષેક શર્માની મુશ્કેલીઓ જોયા પછી સેમી ફાઈનલમાં તેની એકમાત્ર ઓવરમાં દક્ષિણ આફ્રિકાના બે ડાબોડી બેટ્સમેનોને આઉટ કરનારા કોલ મેકકોન્ચીને પડતો મૂકવો પણ અકળાવનારું હતું, .

એકવાર સેમસન લયમાં આવી ગયો પછી તેને રોકવો અશક્ય હતો અને જ્યારે ઝડપી બોલરો આવ્યા, ત્યારે અભિષેક શર્મા ફરી તેના અસલી રૂપમાં આવી ગયો અને ટી-20 વર્લ્ડકપની સૌથી ઝડપી અડધી સદી ફટકારી. ઈશાન કિશન સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અદ્દભૂત બેટિંગ કરી રહ્યો છે, અને તેણે ટુર્નામેન્ટમાં 300 રન પૂરા કરવા માટે વધુ એક અડધી સદી ફટકારી. કેપ્ટન સૂર્યકુમાર યાદવ સહિતની ત્રણ વિકેટોએ ગતિ થોડી તોડી હતી, પરંતુ શિવમ દુબેની તાકાત અને દક્ષિણ આફ્રિકા સામેની સેમીફાઈનલના અનુભવ છતાં નીશમને છેલ્લી ઓવર આપવાની મૂર્ખામીને કારણે ભારત સરળતાથી 250 રનની પાર પહોંચી ગયું.

ન્યૂઝીલેન્ડ પાસે પોતાની જાતને તક આપવાનો એકમાત્ર રસ્તો એ હતો કે જો ઓપનરો સેમી ફાઈનલની જેમ શરૂઆત કરે. સૂર્યકુમારે ચતુરાઈથી ગતિ ઘટાડવા માટે અક્ષર પટેલને બોલિંગમાં લાવ્યો અને એલન કેચ આપી બેઠો, અને બસ ત્યાં જ બધું પૂરું થઈ ગયું. બુમરાહે નીચેના ક્રમના બેટ્સમેનોને આઉટ કર્યા અને આ જંગી જીત, ભારતીય ચાહકોને આનંદિત કરતી હોવા છતાં, વર્લ્ડકપની ફાઈનલ માટે થોડી નિરાશાજનક હતી.

ભારત રમતના દરેક વિભાગમાં તેના હરીફોને માત આપીને અને પછાડીને ટુર્નામેન્ટની સ્પષ્ટપણે સર્વશ્રેષ્ઠ ટીમ હતી. તેઓએ હવે એક એવો વારસો બનાવ્યો છે જેને હરાવવી અન્ય ટીમો માટે અત્યંત મુશ્કેલ હશે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### એલપીજી માટે પડાપડી...

એજન્સીઓ બહાર ખાલી સિલિન્ડરો સાથે લોકોની લાંબી કતારો જોવા મળી રહી છે. ખાસ કરીને સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં સેંકડો લોકો ગેસ માટે રાહ જોતા દેખાય છે. જોકે, કેન્દ્ર સરકાર અને ગેસ એજન્સીઓએ સ્પષ્ટ કર્યું છે કે જમીની સ્તરે ગેસની કોઈ વાસ્તવિક અછત નથી, પરંતુ યુદ્ધના સમાચારોને કારણે લોકો ગભરાટમાં ખરીદી (પેનિક બાયિંગ) કરી રહ્યા છે. યુપીના પ્રતાપગઢ જિલ્લામાં એક ગૃહિણીએ જણાવ્યું કે રમઝાનનો પવિત્ર મહિનો હોવાથી ગેસ અનિવાર્ય છે, જેના કારણે તેણે કાળાબજારમાં રૂ. 1500 ખર્ચીને સિલિન્ડર ખરીદવો પડ્યો હતો. દિલ્હીના ડિલિવરી પાર્ટનર્સે પણ પુષ્ટિ કરી છે કે છેલ્લા 4-5 દિવસથી બુકિંગમાં અચાનક ઉછાળો આવ્યો છે.

**સિલિન્ડર બુકિંગ માટેનો લોક ઈન પિરિયડ 21 દિવસ કરાયો**

ઈરાન યુદ્ધના 10 જેટલા દિવસ થતા પુરવઠામાં વિક્ષેપની આશંકા ઉભી થઈ છે. સરકારે ગયા અઠવાડિયા એલપીજી સિલિન્ડરની કિંમતમાં રૂ. 60નો વધારો કર્યો હતો. પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ (ઓએમસી) બે સિલિન્ડર બુકિંગ વચ્ચેનો 'લોક-ઇન પિરિયડ' 15 દિવસથી વધારીને ૨૧ દિવસ કરી દીધો છે, અને જેમની પાસે બે સિલિન્ડર છે તેમના માટે આ મર્યાદા 30 દિવસની કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળમાં પણ બુકિંગમાં 15-20 ટકાનો વધારો નોંધાયો છે.

### દેશમાં પેટ્રોલ,...

વધારીને 25 દિવસ કરવામાં આવ્યો છે. આ પગલાનો હેતુ સંગ્રહખોરી અટકાવવાનો અને સિલિન્ડરોનું સમાન વિતરણ સુનિશ્ચિત કરવાનો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સંગ્રહખોરી રોકવા માટે ઘરેલું LPG સિલિન્ડર રિફિલ બુક કરવા માટેનો લઘુત્તમ પ્રતીક્ષા સમય 21 દિવસથી વધારીને 25 દિવસ કરવામાં આવ્યો છે. સરેરાશ પરિવારો વર્ષમાં 14.2 કિલોના 7-8 LPG સિલિન્ડર વાપરે છે અને સામાન્ય રીતે તેમને 6 અઠવાડિયાથી ઓછા સમયમાં રિફિલની જરૂર પડતી નથી. બજારમાં સંગ્રહખોરી અને કૃત્રિમ અછત ઉભી થતી રોકવા માટે આ બુકિંગ ગાળો વધારવામાં આવ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. તેલ કંપનીઓ પાસે LPGનો પૂરતો સ્ટોક છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

### રોકાણકારો પાયમાલ:...

રોકાણકારોના સેન્ટિમેન્ટને નબળું પાડી રહ્યો છે.

સોમવારે સેન્સેક્સ 1,352.74 પોઈન્ટ અથવા 1.71 ટકા ઘટીને 77,566.16 પર બંધ રહ્યો હતો. ટ્રેડિંગ દરમિયાન એક સમયે આ આંકડો 2,494.35 પોઈન્ટ સુધી ગબડ્યો હતો. અલ્ટ્રાટેક સિમેન્ટ સૌથી વધુ 5.09 ટકા તૂટ્યો હતો, જ્યારે મારુતિ, એસબીઆઈ અને અદાણી પોર્ટ્સ જેવા શેરોમાં પણ મોટો ઘટાડો નોંધાયો હતો. બજારમાં કુલ 3,379 શેરો લાલ નિશાનમાં બંધ થયા હતા, જે દર્શાવે છે કે વેચાણનું દબાણ કેટલું વ્યાપક હતું.

### ખામેનેઈના મૃત્યુ...

વધુ સમયના ભારે અમેરિકી અને ઈઝરાયેલી બોમ્બમારા પછી ઈરાનના ઘેરાયેલા નેતૃત્વ દ્વારા મક્કમતાનો નવો સંકેત આપે છે, જે સૂચવે છે કે તેહરાન આ લડાઈને દેશના અસ્તિત્વ માટેની લડાઈ માને છે અને તે જલ્દી હાર માનશે નહીં. આ સમાચારને પગલે વિશ્વના બજારોમાં કડાકો બોલાયો હતો અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રમાણભૂત ગણાતું 'બ્રેન્ટ ક્રૂડ ઓઈલ' સોમવારે લગભગ 120 યુએસ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું હતું, જે યુદ્ધ શરૂ થયું ત્યાર કરતા લગભગ 65 ટકા વધારે છે.

### ઇઝરાયેલમાં એકનું મોત, એકને ઇજા

ઈઝરાયેલમાં સોમવારે ઈરાનના અવિરત ડ્રોન અને મિસાઈલ હુમલાઓને કારણે અનેકવાર સાયરન વાગ્યા હતા. મધ્ય ઈઝરાયેલમાં મિસાઈલ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું, જે એક અઠવાડિયામાં ઈઝરાયેલમાં આવું પ્રથમ નવું મૃત્યુ છે, અને એક મહિલા ઘાયલ થઈ હતી. ઈઝરાયેલે જણાવ્યું હતું કે તેણે ઈરાનના ઈસ્ફાહાન શહેર પર હુમલો કર્યો હતો, જેમાં રિવોલ્યુશનરી ગાર્ડના કમાન્ડ સેન્ટર્સ અને તેના સ્વયંસેવક બસીજ દળ, તેમજ રોકેટ એન્જિન ઉત્પાદન સુવિધા અને મિસાઈલ લોન્ચ સાઈટ્સને નિશાન બનાવ્યા હતા. ઈરાન તરફથી આ અંગે તાત્કાલિક કોઈ પુષ્ટિ મળી નથી.

### મોજતબાને તેમના...

વંશપરંપરાગત રીતે સર્વોચ્ચ નેતાનું પદ સોંપવાની ટીકા કરી છે, અને તેની તુલના 1979ની ઇસ્લામિક ક્રાંતિમાં ઉથલાવી દેવામાં આવેલી રાજાશાહી સાથે કરી છે. પરંતુ 'એસેમ્બલી ઓફ એક્સપર્ટ્સ'ના ટોચના મૌલવીઓએ દેખીતી રીતે સાતત્ય જાળવી રાખવા માટે મતદાન કર્યું હતું. ખામેનેઈ, જેઓ તેમના સ્વર્ગસ્થ પિતા કરતા પણ વધુ કટ્ટરપંથી માનવામાં આવે છે, તેઓ હવે ઈરાનના સશસ્ત્ર દળો અને તેહરાનના પરમાણુ કાર્યક્રમ અંગેના કોઈપણ નિર્ણયના પ્રભારી રહેશે.

### ઇરાનના ટોચના નેતૃત્વમાં...

નીકળ્યો હતો. ત્યારબાદ તેમણે પોતાના નિવેદન પર ફેરબદલ કરતા દલીલ કરી હતી કે તેમના શબ્દોનું ખોટું અર્થઘટન કરવામાં આવી રહ્યું છે. બીજી બાબત અલી ખામેનેઈના પુત્ર, મોજતબા ખામેનેઈની ઈરાનના નવા સર્વોચ્ચ નેતા તરીકેની નિમણૂક. મોજતબાની નિમણૂક માટે કટ્ટરપંથી જૂથો અને IRGC દ્વારા દબાણ કરવામાં આવ્યું હોવાનું મનાય છે. તેહરાનના સુધારાવાદી અને નરમપંથી નેતાઓ આનાથી નારાજ છે, કારણ કે તેઓ મોજતબાને એક દમનકારી વ્યક્તિ તરીકે જુએ છે જેમની પાસે દેશ ચલાવવા માટે જરૂરી ધાર્મિક કે રાજકીય લાયકાત નથી અને ત્રીજી ઘટના IRGC દ્વારા પોતાની સત્તાનું પ્રદર્શન અને ધાર્મિક નેતૃત્વને નબળું પાડવાના પ્રયાસો છે. 'ધ ઈકોનોમિસ્ટ'ના અહેવાલ મુજબ, ઈસ્લામિક રિપબ્લિકના રક્ષક ગણાતા IRGC હવે અભૂતપૂર્વ સ્વાયત્તતા સાથે કામ કરી રહ્યા છે.

### ઇરાને અખાતી દેશો...

રિફાઈનરી પર રાત્રિ દરમિયાન ડ્રોન હુમલો થયા બાદ સિત્રા ટાપુ પર થયેલા ઈરાની હુમલામાં ૩૨ લોકો ઘાયલ થયા છે.

સરકારી સમાચાર એજન્સી દ્વારા જારી કરાયેલા આરોગ્ય મંત્રાલયના નિવેદન અનુસાર, તમામ ઘાયલો બહેરીની નાગરિકો હતા અને તેમાં બાળકો સહિત ચાર 'ગંભીર કેસ' છે. ઘાયલોમાં ૧૭ વર્ષની એક છોકરી જેને માથા અને આંખમાં ગંભીર ઈજાઓ થઈ છે અને બે મહિનાના બાળકનો સમાવેશ થાય છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, ઈરાનના ખુલ્લેઆમ આક્રમણના પરિણામે નાગરિકોમાં ઈજાઓ નોંધાઈ છે, જેમાંથી એક ગંભીર છે અને ડ્રોન દ્વારા કરવામાં આવેલા હુમલાના પરિણામે સિત્રામાં અનેક મકાનોને નુકસાન થયું છે.

### ક્રૂડમાં ભડકો:...

બેરલ ક્રૂડ ઓઈલ - દરરોજ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થાય છે. ઈરાની મિસાઈલ અને ડ્રોન હુમલાના જોખમને કારણે સાઉદી અરેબિયા, કુવૈત, ઈરાક, કતાર, બહેરીન, યુએઈ અને ઈરાનથી તેલ અને ગેસ લઈ જતા ટેન્કરોની અવરજવર લગભગ થંભી ગઈ છે. નિકાસ કરવાની ક્ષમતા ઘટવાને કારણે અને સ્ટોરેજ ટેન્કો ભરાઈ જવાથી ઈરાક, કુવૈત અને યુએઈએ તેલના ઉત્પાદનમાં કાપ મૂક્યો છે.

### દિલ્હી ડાયરી...

સાંભાર, રસમ, મિક્સ થોરન, એરીસેરી, પાપડમ, દહીં અને ત્રણ પ્રકારના અથાણાં પીરસવામાં આવ્યા હતા. આ શાનદાર ભોજન સમારંભ મુખ્યત્વે કેરળનું નામ બદલીને 'કેરલમ' કરવાના કેબિનેટના નિર્ણયની ઉજવણી માટે હતો.